## ઉદ્યોગક્ષેત્ર

---

**ભારતની રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો ફાળો વર્ષ 2013 – 14 મુજબ કેટલો હતો ?**

A. 16.6 %

B. 27 %

C. 40 %

D. 60 %

---

B.

27 %

**વર્ષ 2011 – 12 માં ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારીનું પ્રમાણ કેટલું હતું ?**

A. 10 %

B. 24.3 %

C. 27 %

D. 49 %

---

B.

24.3 %

**મોટા પાયાના ઉદ્યોગોમાં કેટલું મૂડીરોકાણ જરૂરી છે ?**

A. 2 કરોડ

B. 5 કરોડ

C. 10 કરોડથી વધુ

D. 100 કરોડ

C.

10 કરોડથી વધુ

**જાહેર ક્ષેત્ર એટલે શું ?**

A. લોકોદ્વારા સંચાલિત ક્ષેત્ર

B. સરકાર દ્વારા સંચાલિત ક્ષેત્ર

C. સહકારવૃત્તિવાળું ક્ષેત્ર

D. આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર

---

B.

સરકાર દ્વારા સંચાલિત ક્ષેત્ર

---

- **વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ ભારતમાં ક્યારે થયો ?**

A. 1947
B. 1991
C. 2000

D. 2011

---

C.

2000

---

- 

**નાના પાયાના ઉદ્યોગો કયા પ્રકારની ઉત્પાદન – પદ્ધતિનો ઉપયોગ કરે છે ?**

---

નાના પાયાના ઉદ્યોગો શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિનો ઉપયોગ કરે છે.

**મધ્યમકદના ઉદ્યોગો એટલે શું ?**

---

જે ઉદ્યોગોમાં રૂા. 5 કરોડથી વધુ અને રૂા. 10 કરોડથી ઓછી મૂડી રોકવામાં આવી હોય તેવા ઉદ્યોગોને મધ્યમ કદના ઉદ્યોગો કહે છે.

**જાહેર નિહમનો અર્થ આપો.**

---

જે અકમોની માલીકી કેન્દ્ર કે રાજ્ય સરકારની હોય, પરંતુ તેનું સંચાલન સ્વતંત્રપણે નિગમ દ્વારા કરવામાં આવે છે, તે જહેર નિગમો કહેવાય છે.

---

•

**ભારતમાં કેટલા વિશિષ્ટ આર્થિક વિસ્તારો છે ?**

---

ભારતમાં આઠ વિશિષ્ટ આર્થિક વિસ્તારો છે.

---

•

**વિશ્વમાં ઑસ્ટ્રેલિયા કયા પ્રકારના દેશ તરીકે ઓળખાય છે ?**

---

વિશ્વમાં ઑસ્ટ્રેલિયા ખેતીક્ષેત્ર આધારિત વિકસિત દેશ તરીકે ઓળખાય છે.

**નાના પાયાના ઉદ્યોગ એટલે શું ?**

જે ઉદ્યોગો રૂા. 25 લાખથી વધુ અને રૂા. 5 કરોડથી ઓછું મૂડીરોકાણ હોય, જેમાં શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિનો ઉપયોગ થતો હોય. જે મોટા ઉદ્યોગોને સહાયક હોય, તેવા ઉદ્યોગોને નાના પાયાના ઉદ્યોગો કહે છે. જેમ કે, વાહનોનું સમારકામ, વપરાશી વસ્તુઓ વગેરે.

**સંયુક્ત મુડી કંપનીનાં ઉદાહરણ આપો.**

સંયુક્ત મૂડી કંપનીના ઉદાહરણો નીચે પ્રમાણે છે. (1)હિંદુસ્તાન મશીન ટુલ્સ, (2)ઑઈલ ઍન્ડ નેચરલ ગૅસ કૉર્પોરેશન અને (3)ઈંડિયન ઑઈલ કૉર્પોરેશન.

•

**ઔદ્યોગીકરણથી કેવી રીતે સામાજિક માળખામાં ફેરફાર કરી શકાય ?**

ઔદ્યોગીકરણથી નવી ઔદ્યોગિક કંતિનું સર્જન થાય છે. ઔદ્યિગિક સંસ્કૃતિમાં લોકોમાં શિસ્ત, કઠોર પરિશ્રમ, હરીફાઈ, ટીમવર્ક, સ્વનિર્ભરતા, સહકાર, સમજૂતી, નવી સંશોધનવૃત્તિ, સંસ્થાકીય ક્ષમતા જેવા ગુણો વિકસે છે. જ્યારે અંધશ્રદ્ધા, પ્રારબ્ધવાદ, સંકુચિતતા, જડતા, વગેરે લક્ષણો ઘટે છે.

આવાં સામાજિક પરિવર્તનોને કારણે ઉત્પાદન-પદ્ધતિમાં ફેરફાર લાવી ઉત્પાદન વધારી શકાય, જે અર્થતંત્રના વિકાસ માટે પ્રેરક બની રહે છે.

•

**ખેતીના આધુનિકરણમાં ઉદ્યોગો કેવી રીતે ઉપયોગી છે ?**

---

જમીનની તેમજ શ્રમની ઉત્પાદકતા વધારવા માટે ખેતીનું આધુનિકરણ જરૂરી છે.

ઉદ્યોગક્ષેત્ર, ટ્રક્ટર, થ્રેસર, સબમર્સિબલ પમ્પ, જંતુનાશક દવા છાંટવાનાં યંત્રો જેવાં આધુનિક સાધનો પૂરાં પાડી, ખેતીક્ષેત્રે ઉત્પાદન વધારવા સહાયક બને છે.

ઉદ્યોગક્ષેત્રે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ વગેરેનું ઉત્પાદન કરી, નવીન ટેકનોલૉજીની મદદ દ્વારા ખેતીક્ષેત્રનો વિકાસ શક્ય બને છે.

આમ, ખેતીના આધુનિકરણ માટે ઉદ્યોગક્ષેત્ર ઘણું ઉપયોગી પુરવાર થાય છે.

---

•

**વિશિષ્ટ આર્થિક વિસ્તાર એટલે શું ?**

---

વિશિષ્ટ આર્થિક વિસ્તાર એ એક એવો કરમૂક્ત ભૌગોલિક વિસ્તાર છે, જ્યાં આર્થિક કાયદાઓ દેશના લાયદાઓથી ભિન્ન છે.

ભારતમાં વિદેશી મૂડીને આકર્ષવા અને આંતરરાષ્ટ્રીય હરીફાઈ મુજબ નિકાસો અંકુશમુક્ત કરવા 1 એપ્રિલ, 2000થી વિશિષ્ટ આર્થિક વિસ્તાર શરૂ કરવામાં આવ્યો.

ભારતમાં ખાનગી વ્યક્તિ, સરકાર, સંયુક્ત ક્ષેત્ર, રાજ્ય સરકાર, રાજ્યની સંસ્થા કે વિદેશી સંસ્થા વિશિષ્ટ આર્થિક વિસ્તારોનું નિર્માણ કરી શકે છે.

બધા જ પ્રકારના વિશિષ્ટ આર્થિક વિસ્તારો સરકારના નિયંત્રણ હેઠળ હોય છે.

**ઉદ્યોગોનું મહ્ત્વ સ્પષ્ટ કરતા ત્રણ મુદ્દા સમજાવો.**

---

દેશના ઝડપી આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ ખૂબ મહત્વનો છે. દેશમાં સામાજિક અને રાજકીય સ્થિરતા માટે ઉદ્યોગક્ષેત્ર મહત્વનો ભાગ ભજવે છે.

**ઉદ્યોગક્ષેત્રનું મહત્વ નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે** :

**1. રાષ્ટ્રીય આવકમાં ફાળો** : ઉદ્યોગોના વિકાસને કારણે દેશના અર્થતંત્રમાં ખેતીક્ષેત્રનું પ્રભુત્વ ઘટ્યું છે અને ઉદ્યોગોનો રાષ્ટ્રીય આવકમાં ફાળો વધવા પામ્યો છે, આમ છતાં, તે પૂરતો છે તેમ કહી શકાય નહીં.

1951માં રાષ્ટ્રીય આવકનો 16.6% હિસ્સો ઉદ્યોગોનો હતો, જે 2013 – 14માં વધીને 27% થયો. રાષ્ટ્રીય આવકમાં ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો વધતાં સેવાક્ષેત્રનો પણ વિકાસ થયો છે.

**2. રોજગારી** : ભારત અતિ વસ્તી ધરાવતો દેશ છે. શ્રમનો પુરવઠો પૂર્ણ સ્વરૂપે ઉત્પાદકીય કાર્યોમાં રોજગાર મેળવી શકતો નથી. પરંતુ આયોજનકાળ દરમિયાન ઉદ્યોગક્ષેત્રનો વિકાસ થતાં તેની રોજગારક્ષમતામાં વૃદ્ધિ થયેલી જોવા મળે છે.

વર્ષ 1951માં 10.6% શ્રમિકો ઉદ્યોગક્ષેત્રે રોજગારી મેળવતા હતા, તે પ્રમાણ વધીને 2011 – 12 માં 24.3% થયું.

ઔદ્યોગિક ક્ષેત્રે નાના પાયાના ઉદ્યોગોનો વ્યાપ વધારવાથી રોજગારીના પ્રમાણમાં નોંધપાત્ર ફેરફાર લાવી શકાય છે.

**3. નિકાસ આવક** : ઉદ્યોગક્ષેત્ર પોતાનું ઉત્પાદન-પ્રમાણ વધારીને અર્થતંત્રમાં બચતપત્ર અધિશેષની નિકાસ કરીને વિદેશી હુંડિયામણની કમાણી કરે છે, જેનો ઉપયોગ અર્થતંત્રની અન્ય અછત ધરાવયી વસ્તુઓની આયાત કરવામાં થી શકે છે.

વર્ષ 2013 – 14 દેશની કુલ નિકાસ આવકની 2/3 ભાગ જેટલી નિકાસ આવક માત્ર ઉદ્યોગક્ષેત્રમાંથી મળી હતી, આમ, દેશના અર્થતંત્રમાં ઉદ્યોગક્ષેત્ર પોતાના ઉત્પાદન-કાર્ય દ્વારા લોકોની તથા અર્થતંત્રની જરૂરિયાત સંતોષે છે.

**4. અર્થતંત્ર સમતોલ વિકાસ** : દેશનો આર્થિક વિકાસ થતાં લોકોની આવક વધે છે અને તેમની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાતા આવકનો એક ભાગ બચત સ્વરૂપે રહે છે. લોકોની મોજશોખ અને આનંદપ્રમોદની વસ્તુઓની માંગ વધે છે, જે મુખ્યત્વે ઉદ્યોગક્ષેત્ર પૂરી પાડે છે.

ઉત્પાદનક્ષેત્રે સરકાર જાહેર સાહસો શરૂ કરી પછાત વિસ્તારોમાં રોજગારી અને આવક ઉભી કરે છે. પરિણામે દેશના અર્થતંત્રનો ઝડપી અને સમતોલ વિકાસ થાય છે.

**5. ખેતીનું આધુનીકરણ** : જમીન તેમજ શ્રમની ઉત્પાદકતા વધારવા ખેતીનું આધુનિકારણ કરવા માટે ઉદ્યોગક્ષેત્ર ખેતીક્ષેત્રને સહાયક બને છે.

ઉદ્યોગો ખેતીક્ષેત્રને ટ્રેક્ટર, થ્રેસર, સબમર્સિબલ પંપ, જંતુનાશક દવા છાંટવાનાં યંત્રો જેવાં આધુનિક સાધનો પૂરાં

પાડી ઉત્પાદન વધારવામાં મદદ કરે છે.

ઉદ્યોગક્ષેત્ર રાસાયણિક ખાતરો, જંતુનાશક દાવાઓ વગેરેનું ઉત્પાદન કરી, ખેતીક્ષેત્રે જમીનની ઉત્પાદકતા વધારવા મદદ પૂરી પાડે છે.

આમ, ઉદ્યોગો દ્વારા અપનાવાયેલ નવીન ટેકનોલૉજીની મદદ દ્વારા ખેતીનું આધુનિકરણ થવાથી ખેતીક્ષેત્રનો વિકાસ શક્ય બનાવાય છે.

**6. અર્થતંત્રનું મજબૂત માળખું** : ઔદ્યોગિક ક્ષેત્ર દ્વારા લોખંડ, સિમેન્ટ જેવી વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. જેનો ઉપયોગ દેશને સિંચાઈ યોજનાઓ, રસ્તાઓ, પુલો વગેરે માટે થાય છે. આથી અર્થતંત્રનું માળખું મજબૂત બને છે.

ઔદ્યોગીક ક્ષેત્ર, બસ, કાર, ટ્રક, રેલવે, વિમાન, દ્વિચક્રીય વાહનો જેવાં વાહનવ્યવહારનાં સાધનો દેશને પૂરાં પાડે છે; જે થકી અર્થતંત્રનું પાયાનું માળખું મજબૂત બને છે.

ઔદ્યોગિક ક્ષેત્ર બંદૂક, ટન્ડ, બુલેટ જેવા સંરક્ષણના સાધનોનું ઉત્પાદન કરી વિદેશ પરનું સંરક્ષણ માટેનું અવલંબન ઘટાડે છે.

આમ, ઉદ્યોગક્ષેત્ર વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરી, અર્થતંત્રનું મજબૂત માળખું તૈયાર કરે છે.

**7. સામાજિક મળખામાં ફેરફાર** : ઔદ્યોગીકરણને પરિણામે દેશમાં ઔદ્યોગીક સંસ્કૃતિ ઉભી થાય છે. જેથી દેશના લોકોમાં શિસ્ત, કઠોર પરિશ્રમ, હરિફાઈ, ટીમવર્ક, સ્વનિર્ભરતા, સહકાર, નવી સંશોધનવૃદ્ધિ, સંસ્થાકીય ક્ષમતા જેવા ગુણોનો વિકાસ થાય છે. જ્યારે અંધશ્રદ્ધા, પ્રરબ્ધવાદ, સંકુચિતતા, જડતા વગેરે જેવી બાબતોમાં ઘટાડો થાય છે.

આમ, આવા સામાજિક ફેરફારો ઔદ્યોગીક ક્ષેત્રે ઉત્પાદન-કાર્યમાં હકારાત્મક બને છે, જે અર્થતંત્રના વિકાસ માટે પ્રેરક બની રહે છે.

ટૂંકમાં, કૃષિક્ષેત્રના વિકાસ માટે, રોજગારીની તકોનું સર્જન કરવા, આંતરિક સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા, લોકોની આવક વધારીને તેમના જીવનધોરણમાં શુધરો કરવા માટે ઔદ્યોગીકરણ મહત્વનો ભાગ ભજવે છે. પરિણામે દેશનો આર્થિક વિકાસ થાય છે તેમજ દેશમાં સામાજિક અને રાજકીય સ્થિરતા પ્રાપ્ત થાય છે.

**મૂડીરોકાણને આધારે ઔદ્યોગીક માળખું સમજાવો.**

---

મૂડીરોકાણને આધારે ઔદ્યોગીક માળખાની સમજૂતી નીચે પ્રમાણે છે.

**1. ગૃહઉદ્યોગો** : વીજળી અને યંત્રોના ઉપયોગ વિના સાદાં ઓજારો અને નહિવત મૂડીરોકાણથી કુટુંબના સભ્ય દ્વારા ચાલતા ઉદ્યોગોને ગૃહદ્યોગો કહે છે. જેમ કે; ખાખરા, પાપડ, અગરબત્તી, ખાદી વગેરેના ઉદ્યોગો.

**2. ટચૂકડા ઉદ્યોગો** : કુલ રૂા. 25 લાખની મૂડીરોકાણની મર્યાદામાં અને સંપૂર્ણ શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ દ્વારા ચાલતા ઉદ્યોગોને ટચૂકડા ઉદ્યોગો કહે છે. જેમ કે; ધાતુ, ચામડું, માટી વગેરેનો ઉપયોગ કરી કલાત્મક વસ્તુઓ બનાવવાના ઉદ્યોગો.

**3. નાના પાયાના ઉદ્યોગો** : જે ઉદ્યોગોમાં રૂા. 25 લાખથી વધુ અને રૂા. 5 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય, માત્ર શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિનો ઉપયોગ કરતા હોય અને મોટા ઉદ્યોગોના સહાયક ઉદ્યોગો હોય; તેને નાના પાયાના ઉદ્યોગો કહે છે. જેમ કે;ઓજારો, વાહનોનું સમારકામ અને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો.

**4. મધ્યમ પાયાના ઉદ્યોગો** : જે ઉદ્યોગોમાં રૂા. 5 કરોડથી વધુ અને રૂા. 10 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય તથા શ્રમપ્રધાન કે મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિનો ઉપયોગ કરતા હોય, તેને મધ્યમ પાયાના ઉદ્યોગો કહેવામાં આવે છે. જેમ કે; યંત્રો, રસયણો, ઈલેક્ટ્રોનિક સાધનો વગેરેના ઉદ્યોગો.

**5. મોટા પાયાના ઉદ્યોગો** : જે ઉદ્યોગોમાં રૂા 10 કરોડથી વધુ મૂડેરોકાણ કરવામાં આવ્યું હોય અને મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિનો વધુ ઉપયોગ કરતા હોય, તેને મોટા પાયાના ઉદ્યોગો કહેવામાં આવે છે. જેમ કે; રેલવેનાં સાધનો, મોટાં વાહનો, લોખંડ વગેરેના ઉદ્યોગો.

**માલિકીના આધારે ઔદ્યોગીક માળખું સમજાવો.**

---

**માલીકીના આધારે ઔદ્યોગિક માળખાની સમજૂતી નીચે મુજબ છે :**

**1. જાહેર ક્ષેત્રના ઉદ્યોગો** : જે ઉદ્યોગોમાં માલિકીની અને સંચાલન સરકાર હસ્તક હોય છે, તેને જાહેર ક્ષેત્રના ઉદ્યોગો કહે છે. જેમ કે; રેલવે, ટપાલ, ટેલિફોન વગેરે, જાહેર ક્ષેત્રના ઉદ્યોગોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે.

**(1)ખાતાકીય ઉદ્યોગો** : જે ઉદ્યોગો સરકાર પોતાની સીધે દેખરેખ હેઠળ એક ખાતા તરીકે ચલાવે છે, તેને ખાતાકીય ઉદ્યોગો કહે છે. જેમ કે; રેલવે, ટપાલ વગેરે. ખાતાકીય ઉદ્યોગોની આવક અને ખર્ચની જોગવાઈ અંદાજપત્રમાં સામેલ કરવામાં આવે છે.

**(2)જાહેર નિગમો** : જે ઔદ્યોગિક એકમોની માલિકી કેન્દ્ર કે રાજ્ય સરકારની હોય છે, પરંતુ તેનું સંચાલન સ્વતંત્રપણે નિગમ કે કૉર્પોરેશન દ્વારા કરવામાં આવે છે, તેને જાહેર નિગમો કહે છે. જેમ કે; જીવનવીમા નીગમ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ નોઇગમ, ખાતર ઉત્પાદન વેચાણ કરતા નિગમો જાહેર નિગમો છે.

સામાન્ય રીતે નિગમના સંચાલન અને નિર્ણય-પ્રક્રિયામાં સરકારનો પ્રભાવ જોવા મળે છે.

**2. ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો** : જે ઔદ્યોગિક એકમોની માલિકી અને સંચાલન ખાનગી ખાનગી વ્યક્તિ કે પેઢીનું હોય તેને ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો કહે છે. જેમ કે, કાર, ટીવી, પગરખાં વગેરેના ઉદ્યોગો.

**3. સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો** : જે ઔદ્યોગિક એકમો જાહેરક્ષેત્રના હોય સરકાર ઉદ્યોગના માલિકી-હક 51% કે તેથી વધુ શૅર સ્વરૂપે લોકો અને પેઢીઓને આપે છે, તેને સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો કહે છે. જેમ કે, GSPC. આવા ઉદ્યોગો સરકારના અધિકાર ક્ષેત્રમાં જ રહે છે.

**4. સહકારી ક્ષેત્રના ઉદ્યોગો** : કે ઔદ્યોગિક એકમો નાના માલિકો, શ્રમિકો અને ગ્રાહકોનું શોષણ અટકાવી પરસ્પર બધાના લાભ માટે સહકારી ધોરણો શરૂ કરવામાં આવે છે, તેને સહકારી ક્ષેત્રના ઉદ્યોગો કહેવાય છે. જેમ કે, ડેરી ઉદ્યોગ, સહકારે બૅન્કો, IFFCO વગેરે સહકારી ક્ષેત્રના એકમો છે.

---

•

**નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ સ્પષ્ટ કરતી ત્રણ બાબતો ચર્ચો.**

---

નાના પાયાના ઉદ્યોગો એ મોટા પાયાના ઉદ્યોગોના પૂરક તરીકે દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં સહભાગી બને છે. નાના પાયાના ઉદ્યોગો છેલ્લા પાંચ દાયકાઓ દરમિયાન ખૂબ મહત્વના અને વિકાસશીલ રહ્યા છે.

**નાના પાયાના ઉદ્યોગોનું મહત્વ નીચેની બાબતોના સંદર્ભમાં સમજાવી શકાય છે :**

**1. રોજગારી સર્જન** : નાના પાયાના ઉદ્યોગો શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિનો ઉપયોગ કરતા હોવાથી તેમાં મોટા પાયે રોજગારીનું સર્જન થઈ શકે છે.

વર્ષ 1994 – 95માં નાના પાયાના ઉદ્યોગોએ 191.40 લાખ રોજગારીનું સર્જન કર્યું હતું, જે વર્ષ 2001 – 02માં વધીને 249.33 લાખ અને વર્ષ 2011 – 12 માં 1012.59 લાખ લોકોને રોજગારી આપનાર ક્ષેત્ર બન્યું હતું.

ભારત જેવા અતિ વસ્તી ધરાવતા હોવા છતાં દેશમાં પણ નાના પાયાના ઉદ્યોગોએ ઉત્તરોત્તર રોજગારીની બાબતમાં હરણફાળ ભરી છે.

**2. ઉત્પાદન-વૃદ્ધિ** : નાના પાયાના ઉદ્યોગો દ્વારા દેશમાં જરૂરિયાત ધરાવતી વસ્તુઓનું ઉત્પાદન કરી, ઝડપી ઉત્પાદન-વૃદ્ધિ કરી શકાય છે.

વર્ષ 1994 – 95માં નાના પાયાના ઉદ્યોગોએ રૂા. 4,22,154 કરોડનું ઉત્પાદન કર્યું હતું, જે વર્ષ 2001 – 02 માં વધીને રૂા. 2.82,270 કરોડનું થયું અને વર્ષ અને વર્ષ 2011 – 12 માં વૃધિ પામી રૂા. 18,34,332 કરોડ થયું.

આમ, ઓછી મૂડીના ઉપયોગ દ્વારા નાના પાયાન ઉદ્યોગોએ ઉત્પાદનમાં ખૂબ જ ઝડપી વૃદ્ધિ કરી છે.

**3. ઉત્પાદન એકમોમાં વૃદ્ધિ** : નાના પાયાના ઉદ્યોગોમાં ઓછા મૂડીરોકાણની જરૂરિયાત હોય છે અને આવા ઉદ્યોગો દેશને અનેક રીતે લાભકર્તા હોઈ સરકાર અને લોકો નાના પાયાના ઉદ્યોગો શરૂ કરવામાં રસ લે છે. નાના પાયાન ઉદ્યોગો દેશને અનેક રીતે લાભકર્તા જોઈ સરકાર અને લોકો નાના પાયાના ઉદ્યોગો શરૂ કરવામાં રસ લે છે. નાના પાયાના ઉદ્યોગો દ્વારા થતી ઉત્પાદન વૃદ્ધિ પણ આવા એકમોની સંખ્યાં વધારવા માટે જવાબદાર છે.

વર્ષ 1994 – 95 માં નાના પાયાના ઉદ્યોગોના એકમો 79.60 લાખ હતા, જે વર્ષ 2001 – 02માં વધી 105.21 લાખ થયા અને વર્ષ 2011 – 12માંવધી 105.21 લાખ થયા અને વર્ષ 2011 – 12માં વધી 447.73 લાખ થયા.

આમ, નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ ભારતમાં ઔદ્યોગીકરણની દિશામાં ગતિશીલ રહ્યો છે.

**4. નિકાસો** : ભારતની નિકાસોમાં નાના પાયાના ઉદ્યોગોએ રૂા. 29,068 કરોડની નિકાસો કરી હતી, જે વર્ષ 2001 – 02માં વધીને રૂા. 71,244 કરોડ અને 2006 – 07માં રૂા. 1,77,600 કરોડ સુધી વૃદ્ધિ પામી હતી.

નાના પાયાના ઉદ્યોગોની નિકાસમાં વૃદ્ધિ થતાં વિદેશોમાં ભારતની વસ્તુઓ અને સેવાઓની માંગ વધી છે. પરિણામે વિદેશી હુંડિયામણની કમાણી થતાં દેશ માટે જરૂરી વસ્તુ અને સેવાઓની આયાત શક્ય બની છે.

**5. શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ** : નાના પાયાના ઉદ્યોગો શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરે છે. તેથી તેમાં વધુ શ્રમ અને ઓછી મૂડીનો ઉપયોગ થાય છે. ઉત્પાદનનાં અન્ય સાધનો જમીન અને નિયોજકને સ્થિર રાખી, નાના પાયાના ઉદ્યોગો ઉત્પાદન વધારી રોજગારીનું સર્જન કરે છે.

**6. વિદેશી હુંડિયામણની બચત** : નાના પાયાના ઉદ્યોગો ઉત્પાદન-વૃદ્ધિ કરી નિકાસો કરે વધારે છે અને દેશને વિદેશી હૂંડિયામણની આવક મેળવી આપે છે. ઉપરાંત આવા ઉદ્યોગો દેશમાં જરૂરિયાતવાળી મોટા ભાગની વસ્તુઓનું પૂરતા પ્રમાણમાં ઉત્પાદન કરતા હોવાથી આયાતો ઘટતાં વિદેશી હુંડિયામણનો ખર્ચ ઘટે છે.

આમ, નાના પાયાના ઉદ્યોગોના વિકાસ દ્વારા વિદેશી હૂંડિયામણની આવક વધે છે અને વિદેશી હૂંડિયામણનો ખર્ચ ઘટે છે, જે ભારતના વિદેશવેપારમાં અસમતુલા લાવવા ખૂબ ઉપયોગી સાબિત થયા છે.

**7. સમયનો ટૂંકો ગાળો** : નાના પાયાના ઉદ્યોગો ઓછી મૂડીથી ખૂબ જ ટૂંકા ગાળામાં શરૂ કરી શકાય છે અને ઉત્પાદન-કાર્ય ટૂંકા ગાળામાં જ શરૂ કરી શકાય છે, જે દેશના લોકોની માંગ સંતોષે છે.

**8. સમતોલ પ્રાદેશિક વિકાસ** : નાના પાયાના ઉદ્યોગો ઓછી મૂડી, ઓછાં સાધનો અને ઓછાં સંસાધનો દ્વારા દેશના કોઈ પણ ભાગમાં શરૂ કરી શકાય છે; જેથી વિકસિત પ્રદેશો સુધી લાભ અટકી ન રહેતાં ઓછા વિકસિત પ્રદેશો સુધી પહોંચે છે અને બધા પ્રદેશોનો સમતોલ વિકાસ શક્ય બને છે.

નાના પાયાના ઉદ્યોગો દ્વારા ધનિક અને ગરીબ, વિકસિત અને અલ્પ વિકસિત પ્રદેશ જેવી અસમાનતા ઘટાડવી શક્ય બને છે.

**9. વિકેન્દ્રીકરણ** : નાના પાયાના ઉદ્યોગોમાં ખૂબ ઓછા પ્રમાણમાં મૂડીની જરૂરિયાત હોઈ, તે અર્થતંત્રના નાના નાના ઉત્પાદકો દ્વારા શરૂ થઈ શકે છે અને તેના લાભ મેળવી શકે છે.

નાના પાયાના ઉદ્યોગો દેશના જુદા જુદા વિસ્તારોમાં વણવપરાયેલ કે વેરવિખેર પડી રહેલાં સુષુપ્ત સાધનોનો ઉપયોગ કરી, દેશનું કુલ ઉત્પાદન વધારે છે. આમ, ઉત્પાદનના લાભો દેશના વિવિધ પ્રદેશોમાં સપ્રમાણ વહેંચી નાના પાયાના ઉદ્યોગો વિકેન્દ્રીકરણ કરે છે.

**10. ઊંચો વિકાસદર** : નાના પાયાના ઉદ્યોગો ખુબ ઊછી મૂડી દ્વારા સ્થપાયેલ હોવાથી વધુ ઉત્પાદકો ઉત્પાદન-કાર્ય શરૂ કરી શકે છે, જેથી દેશનું કુલ ઉત્પાદન અને કુલ આવક વધે છે.

નાના પાયાના ઉદ્યોગો ટૂંકા ગાળામાં શરૂ કરી શકાતા હોવાથી બજારની જરૂરિયાત મુજબ ઉત્પાદનમાં ઝડપી ફેરફાર શક્ય બને છ, જેથી નાના પાયાના ઉદ્યોગો સતત ઊંચો વિકાસદર આપે છે.

ટૂંકમાં, નાના પાયાના ઉદ્યોગો રોજગારી-સર્જન કરવા, ઓછી મૂડી દ્વારા ઉત્પાદન કરવા, ગ્રામ વિસ્તારોમાં ઉદ્યોગોનો વિકાસ કરવા, પછાત વિસ્તારોનો વિકાસ કરી પ્રદેશિક અસમાનતા ઘટાડવા તથા રાષ્ટ્રીય આવક અને સંપત્તિની સમાન વહેંચની કરવા મહત્વના રહ્યા છે.

**વિશિષ્ટ આર્થિક વિસ્તારનું મહત્વ ટૂંકમાં સમજાવો.**

---

વિશિષ્ટ આર્થિક વિસ્તાર એ એક એવો કરમુક્ત ભૌગોલિક વિસ્તાર છે, જ્યાં આર્થિક કાયદાઓ દેશના કાયદાઓથી જુદા હોય છે.

વિશિષ્ટ આર્થિક વિસ્તારો શરૂ કરવાનો હેતુ વિદેશી મૂદીને આકર્ષવાનો અને આંતરરાષ્ટ્રીય હરીફાઈ મુજબ દેશની નિકાસો અંકુશમુક્ત થાય તેવું વાતાવરણ સર્જવાનો છે.

વિશિષ્ટ આર્થિક વિસ્તારોમાં કાયદા દ્વારા કર-રાહતો આપી, વિદેશી મૂડીરોકાણકારોને આકર્ષવામાં આવે છે. આવા મૂડીરોકાણ દ્વારા દેશની નિકાસો વધારી દેશનાં ઉત્પાદિત ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવી છે. જેમને સરકાર દ્વારા અંકુશિત કરાય છે. ભારતમાં નવાં 18 વિશિષ્ટ આર્થિક વિસ્તારોની રચના માટે દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારનું નિર્માણ કોઈ પણ ખાનગી વ્યક્તિ, સરકાર, સંયુક્ત ક્ષેત્ર, રાજ્ય સરકાર કે રાજ્યની સંસ્થા તેમજ વિદેશી સંસ્થા દ્વારા થઈ શકે છે.